પ્રસ્તાવના.

સુજ્ઞ ગૃહસ્થો:—

પુસ્તક રચવામાં આ મારો પ્રથમ યત્નછે માટે એમાં કાંઇપણ ભુલતો હોવીજ જોઇએ, માટે સેવક આસા રાખેછે કે સુજ્ઞ વાંચનારાઓ આ પુસ્તકમાં લખાયલો વિષય મેહેરબાની કરી શરૂથી તે આખર સુધી ધ્યાનથી વાંચી તે ઉપર તોલ કરી તેમાં જેટલું વાજબી લાગે તેટલાનો અંગીકાર કરી કૃપા દ્રષ્ટિએ દોષની દર ગુજર કરશે, અને આ અતિ ઉપયોગી વિષય જે તેઓની નેક નજર સામું ધર્યોછે તે ધ્યાનમાં લઇને તેના કર્તાને લીધેલા શ્રમ માટે ઉત્તેજન આપશે.

મીય વાંચનાર, આ પુસ્તક બહાર પાડવામાં મારી મુખ્ય મતલબ એછે કે હાલમાં (આ પુસ્તક લખવા માંડ્યું તે વેળા) 'કોલેરા'નો બુરો મરજ શેહેરમાં ફેલાઇને તેણે જેજે ત્રાસ દાયક ખરાબીઓ કરીછે, અને હજી કરેછે, તે ઉપરથી મારા મનમાં એવું આવ્યું કે જો લોકોને આ અતિ દુષ્ટ મરજ વિષે સમજ આવી હોય તો બેસક કંઇક દરજ્જે પ્રાણીનો ઘાત થતો અટકે ત્યારે શું આજદીન સુધી કોઇ એવાં પુસ્તકો પ્રગટ થયાં નથી કે જેમાં એ મરજ સંબંધી સમજ કે એલાજો આપ્યા હોય? બેશક કેટલાંએક

ગુજરાતીમાં વૈદક સંબંધી કીમતી ગ્રંથો બહાર પડયાછે, પ
ણ એવા ગ્રંથોની કીંમત ભારે હોવાથી તે ખરીદવાની દરેક
જણમાં શકિત હોતી નથી. તેથી ઘણાકોથી તેનો લાભ લેવા
ઈ શકાતો નથી. અને એકલા એ મરજ (કોલેરા) ના વિ
ષય ઉપર લખાઇ બહાર પડેલું કાંઇપણ ઉપયોગી પુસ્તક
મારી જાણ પ્રમાણે ન હોવાથી, મેં ધાર્યુંકે જો એવું પુસ્તક
જેમબને તેમ સસતી કીંમતે જો બહાર પાડવામાં આવેતો
સર્વે લોકો એનો લાભ લઇ શકે. વળી 'કૉનટ્રૅક' સંબંધી
કાંમો માટે અત્રેથી ઘણેક દુર જઇ વસવું પડયાથી એ મ
રજ સંબધી મળેલા અનુભવે મને એ વિષય હાથ ધરવા
ને ઉત્તેજન આપ્યુંછે. આ પુસ્તકમાં એ રોગના કેટલાક ઇ
લાજો તા. દર્દિની માવજત વૈદક જ્ઞાન વગેરે ગ્રંથાધારે તેમજ
કેટલાક ઇલાજો ત્યાબીજી અતિ ઉપયોગી સમજો મારા મેળવેલા
અનુભવાધારે આપ્યાંછે. આ નાના પુસ્તકમાં એમરજના ભો
ગ થઇ પડેલાઓને જેજે દવાઓ આપવાનું જણાવ્યુંછે તે-
ની મુખ્ય મતલબ એજ કે જરૂરને વખતે અને ડૉકટરની
ઘર હાજરીમાં તે અતિ ઉપયોગી થઇ પડે. એ પુસ્તકમાં
નિચલી અતિ ઉપયોગી બાબદો ઉપર વિવેચન કર્યુંછે.

૧લું. એ દુષ્ટ મરજને કયા કયા નામોથી ઓળખવામાં
આવેછે?

૨જુ 'કોલેરા' એ સું ચીજછે યાને એની ઉતપત્તિ સેમાંથીછે?
૩જુ એનો ફેલાવો શી રીતે થાયછે?
૪થુ કેવા મનુષ્યો ઉપર એની અસર જલદી થાયછે?
૫મુ જે મનુષ્ય એના સપાટામાં આવેછે તેના ઉપર એ રોગનો અસર કેવી થાયછે?
૬ઠું સરૂઆતમાં આવતો ઝાડો બંધ કરવાની અગત્યે ત્યા તેના ઇલાજો સુસુ કરવા? ત્થા 'કોલેરા' દર્દિને લાગુ પડીચુકો એમ ખુલ્લુ જણાય ત્યારે સાસા ઇલાજો કરવા?
૭મું એ 'કોલેરા' ના મરજમાં ઓકારી થાયછે તેનો સું ઉપાય કરવો?
૮મુ એના દર્દિને તરસ ઘણી લાગેછે તેનાં સું ઇલાજો કરવા
૯મુ એ મરજવાળા દર્દિના હાથ પગ ઠંડા થઇ જાયછે તેના સાસાં ઉપચો કરવા?
૧૦મુ એ મરજવાળાને હાથે પગે આંકડા યાને વંઠ આવેછે તેના ઇલાજો શુકરવા?
૧૧મું ઘરમાં, તેમજ મુસાફરીમાં કે બહારગામ વસ્તીથી દુર જઇને રેહેતાં એ 'કોલેરા' ના મરજની દવા ઓ સાથે રાખવાથી થતા ફાયદા તેમજ ન રાખવાથી થતી હાણી ઉપર વિચાર.
૧૨મુ આ રોગમાં પાછળથી ઝાડો બંધ થઇ પેટ ફુલી

જાય ત્યારે શો ઉપાય કરવો?

૧૩મુ આ રોગમા કેટલીક વખતે રોગીનો પેસાબ બંધ થઈ જાયછે તેના કેવા ઉપાય લેવા?

૧૪મુ સરૂઆતમાં બદ હજમીના જેવા ઝાડા આવે ત્યારે દર્દિને કેવો ખોરાક આપવો અને કેવો ન આપવો

૧૫મુ 'કોલેરા' લાગુ પડ્યાં પછી દર્દિને કેવો ખોરાક આપવો?

૧૬મુ એ 'કોલેરા' (અધીક) નો દુષ્ટ મરજ શેહેર માં ફાટી ન નીકળે માટે આગળથી સાવચેતીના સુમુ ઈલાજો લેવા, તા એ રોગ ફાટી નીકળે તે વેળા તેનો ફેલાવો અટકાવવા માટે કેવા કેવા ઇલાજો લેવા?

૧૭મુ એ રોગ ફેલાયલો હોય તે વેળા ખાવા પીવામાં અંદાજે રાખવા તા કેવો ખોરાક લેવો તથા કેવા ખોરાકનો ત્યાગ કરવો એ સબધી તેમજ એ રોગના અટકાવ માટે રૈયતની, મ્યુનીસીપાલીટીની તેમજ સરકારની ફરજ વગરે બાબદો ઉપર વિવેચન કર્યુંછે.

૧૮મુ ઉમરના પ્રમાણમાં દવા આપવાની સમજ વગરે.

સુરત તા૦ ૧૫ મે. ૧૮૯૬.

લી૦ સેવક.

જાપારૂપજી દાદાભાઈ હાથીખાના વાળા.

મનુષ્યનો કટ્ટો શત્રુ.

અરે ઓ દુષ્ટ ચંડાળ તારૂં મોહોં કાળું કર, ગામે ગામથી, શેહેરે શેહેરથી, તારાં નેસ્ત કદમ દુર કર. આ આખી પૃથ્વીમાંથી હમેસને માટે નાબુદ થઈજા, કે ફરીને તું દુષ્ટ ચંડાળ જે મનુષ્ય માત્રનો કાળ તે તારૂં અત્યંત ભુંડું મોહો ન દેખાએ. તારી તારીફ તે અમે શું કરીએ! તારી ફ કરવાની આખા ભુ મંડળનાં કોઈને શકિત નથી! કેવો તું ભલો કે તારૂં નામ સાંભળતાંજ અમને કપારી છુટે! વારુ, તારા દર્શણની શી વાત કહીએ! તારૂં દર્શણ થતાંજ મનુષ્ય માત્રના હોંજા ગગડી જાય! અરે એવો તે શું તું ભુંડો કે લોકો જેટલા વાઘ વરૂથી પણ ના ડરે એટલા તુંથી ડરે? એટલી તે શું શકિત તારામાં, કે ભલભલા સીપાહ બચ્ચાઓ કે જેઓ પોતાની મર્દાનગીથી તેજ તલવાર વડે લડાઈના મેદાનો ધ્રુજાવતા, તેઓપણ તારૂ નામ સાંભળી થરથર કાંપતા, તારા દર્શણથી તેમના હાથપગ લુલા થઈ જતા, ને તારા ભેટવાથીતો બાપડા બોલ બોલતાંમાં આ દુન્યાથી હમેશને માટે કુચ કરી જતા!

જે લડવૈયાઓ પોતાના જબર દસ્ત પંજા વડે વાઘના મોંઢાંને પણ ચીરીને બે ફાડચાં કરતા, એવાઓને પણ તું

તારા પંજામાં સપડાવી જમીન ઉપર એવાતો પછાડતો કે બીચારા ભાગ્યેજ ફરી ઉઠવા પાંમતા. અરે દુષ્ટ ઘાતકી તું ન થી જોતો બુઢ્ઢાને કે જુવાનને, કે કુમળા બાળકને, સર્વને તું એકજ લાકડીએ હાંકેછે, હે ચંડાળ તેં કુટુમ્બને પાળનાર, એવા કંઇક બચરવાળ બાપોના પ્રાણ ક વખતે લીધા છે, અને તેઓનીભલીસ્ત્રીઓ, અને બચ્ચાંઓને નિરાધાર કરી રડતાં કીધાંછે. તેં કંઇક જુવાન અબળાઓના પ્રાણાધાર પ્રી ય ભર્થારોને મારીલાખીને રંડાપો આલ્યોછે, તેં કંઇક જુવાન નારોનું મોહોત આણીને તેમના વાહાલા ભર્થારોને શોકમાં ડુબતા કર્યાછે. તેં કંઇક નાના નાના બાળકોની માયાળુ માતાઓનું અકાળ મૃત્યુ ઉપજાવીને બીચારાં નિર્દોષોને નિરાધારને દુઃખી કીધાંછે. કહેછેકે—

ટગદીર ફુટે જેહનું,
કુડો આરે કાળ.
માતા મરે જેહની,
તેના ઝુરે બાળ.

અરે તું ચંડાળ એટલુજ કરીને ઝંપીરેતો નથી. જેનું ઘરમાં તું પ્રવેશ કરેછે, ત્યાંથી તને નિકળવા ગમતુ નથી. તું ચાહેછે તો આખા ઘરની વસ્તીનો નાશ કરેછે. તેં કંઇક ઘરોની તે શું, પણ ગામો, શેહેરો, તથા દેશોની સદંતર વ-

સ્તીઓ નાબુદ કરી હાંખીછે. ઘરેઘર તેં રડારોળ કરાવીછે, ને ઘેરેઘેર તારા નામની પોકો મુકાઇછે. એથી વધારે તારીફ લખતાં અમારા હાથ ધ્રુંજે છે, ને કલમ આગળ ચાલવાને અશક્ત દિશેછે, માટે હવેતેમ કરવુ પડતુ મેલીને, તુ સાંભે, અમારૂં શા વડે રક્ષણ થાય, તેનુ શોધન કરીએ —

૧લું એ દુષ્ટ કોણછે યાને કયા કયા નામોથી જાણીતોછે

એને અ ગ્રેજીમાં 'કોલેરા' કહેછે હિંદુસ્તાનીમાં 'વબા' તથા ગુજરાતીમાં 'કોગળીયુ' 'મરકી' કે 'અધોક' કરી કહેછે. **અધોક** એટલા માટે કહેછેકે એના ભો-ગ થઈ પડેલા દરદિને અધવું તથા ઓકવુ જારી થાયછે,

૨જું 'કોલેરા' એ સું ચીજછે યાને એની ઉતપત્તિ સેમાંથીછે?

'કોલેરા'ની ઉતપત્તિ ગંદા પાણી વાળાં ખાબોચીઆં જેમાં સડેલો કાદવ ભરેલો રહેછે જેના ઉપર સુર્યનો તડકો જેવો જોઈએ તેવો ખુલ્લો પડતો નથી તેમાથી, નિરંતર ભિનાસ વાળી બધ્યાર જગ્યામાંથી તેમજ સ ડેલી વનસ્પતિમાંથી થાયછે. વળી જમીનમાં કરવામાં આવતા ખાળકુવા, કે બરાબર સાફ કરવામાં ન આ-વતા સંડાસો અથવા ગટરોમાંથી થાયછે. વળી તળાવો કે જેમાં લાજા કે દરદી ઢોરો, પોતાના ગંદા શરીર

સાથ અંદર જઈને પાણી પીએછે, ને પાણી પીતાં પીતાં અંદર મુતરેછે તથા અઘેછે, તથા કોહોલાં કુતાં પછી તેઓ સાજા હોયકે દર્દિ હોય તેઓ મુએલાં માણસોના ડાટેલાં મુરડાં જેમ ઘણીક વેલા બને છે તેમ ખોદી કાહાડીને ખાધાં હોય અથવા દર્દિ મરી ગયલાં ઢોરોનુ ઝેરી માંસ ખાધું હોય તેઓ પાણી પીએછે, જેમના મોઢાંની ઝેરી લાલ પાંણીમાં પડેછે વળી ઢોરો તથા કોહોલાં કુત્રાં તો શું પણ ખુદ માણસો (આ બાબદાનો આ પુસ્તક લખનારને બદ્દ વાન ડીસ્રીકટમાં અનુભવ મળ્યોછે)

જે તળાવનુ પાંણી પીએ, તેજ તળાવની અંદર, છેક પાણીની નજદીકમાંજ ઝાડે ફરેછે ને તેવી હાલતમાંથી ઉઠીને, પાણીમાં જઈને શરીર ધુવેછે, વળી મુતરેછે તે સઘળુ મુત્ર ઢાલાવ હોવાના સબબથી પાણીમાં જઈને પડેછે; અને વળી મેલા સરીર સાથે સ્રીઓ તેમ જ પુરૂષો તેમાં નાંહેછે, માથાં ચોળેછે, તથા અડકાયલી (ૠતુવાળી) કે સુવાવડી સ્રીઓ નાહેછે અને પોતાંનાં કંઈ દીવસનાં ગંદાં લુગડાંઓ પણ તેમાંજ ધુવેછે . એ પ્રમાણે આખો દીવસ સુધી દરરોજ માણસોથી કે જનાવરોથી તળાવનુ પાણી બગડવુ અને

અ પવીત્ર થતું રહેછે એવી રીતના તળાવોનું રોગી (ઝેરી) પાણી જેમાં 'કોલેરા' ના ઝેરી જંતુઓ પેદા થાયછે, તે બ્રાહ્મણ વગેરે સર્વ નાતના લોકો પીએછે તા. ઘેર લઇ જાયછે, ઉપર પ્રમાણેનો રીવાજ હમે બર્દવાન દીસ્ત્રીકટમાં ચાલતો દીઠેછે જ્યારે ત્યાં ના બ્રાહ્મણ રહીસોને કહેવાંમાં આવ્યું કે એ રીતે ત મો લોકો પીવાના પાણીને ગંદુ તથા અ પવિત્ર કરીને પીધામાં લોછો માટે એ રીવાજ ઘણોજ નુકશાન કારકછે, તેમજ ધર્મ વિરૂદ્ધ છે, એથી તનદુરસ્તી બગડેછે. તથા તમારા બંગાલ દેશમા કૉલેરા બહુ જોરમાં ફાટી નીકળેછે, તેના કેટલાંક કારણોમાંનુ આ પણ એક સંભવીત કારણ અમને દીસેછે. ત્યારે તેઓએ અમને જવાબ આપ્યો કે અમે લોકો (ત્યાંના રહીશો) જ્યારે કોઇપણ નવું તળાવ બનાવ્યે છીએ, ત્યારે પ્રથમ તેના પાણીમાં પવિત્ર ગંગા નદીનુ પાંણી થોડુક મંગાવીને લાખ્યેછીએ, કે પવિત્ર ગગા નદીના પાણીના સમાગમથી તે તળાવનુ પાણી હમેશ પવિત્રજ રહેછે, ને તેને ગંગાજ સમજી તેનુ પાણી સર્વ કામોમાં લઇએ છીએ એવો અમારો કદીમ રીવાજછે. પ્રિય વાંચનાર કેવો દાનાઇ ભરેલો જવાબ આ સુધરેલા

જમાનામાં! વળી મુરદાંઓ જો જમીનમાં બરાબર ઉંડાઈમાં ડાટવામાં નથી આવતાં તો તેઓ જમીનમાં સડીને તેમાથી ઝેરી હવા (કોલેરાનું ઝેર) બહાર નીકળીને આસપાસની હવાને ઝેરી બનાવેછે. ઘણીક વેળા એવું બનેછે કે એવાં બરાબર ઉંડાણમાં ન ડાટેલાં મુરદાંઓના બાડા રાતની વખતે, કોહોલાં, કુત્રાં, ખોદીને ખુલ્લા કરી લાખેછે. એવું ઢેડા મેહેતર, ભગી વીગેરે હલકી વર્ણના મુરદાંઓના સંબધમાં દરેક ઠેકાણે બનેછે.

વળી ઉપર કહેલા દીસ્ત્રીકટમાં એમ દીઠુંછે કે કોઈ કામદાર માણસ, મજુરકે કુલી જો 'કોલેરાથી' મરી જતો તો તેના સથીઓ કે સગાંઓ તેને ત્યાંજ પડતો લાખીને નાશી જતા. જ્યારે તેમાના એકાદને એ મરજ લાગુ પડતો તો કોઇ તેની પાસે જતું નહી ને બાપડો આખરે ત્યાંને ત્યાંજ એ મરજથી પીડાઈને મરણ પામતો મુરદુંજો ગામની અંદર હોયછે તો ગામવાળા પેલા બાહારગામના મરનારના મુરદાને ઉઠાવતા નથી ને આખરે ગામનો મેહેતર ભંગીઓ આવીને જેમ એક મુવેલાં કુત્રાંને ઘસડી લઈ જાય તેમ તેના ગળામાં દોરીનો ફાંસો લાખીને

ઘસડી લઇ જઇને ગામની બહાર ફેંકી આવતો એવી રીતે લાશો પડી રહીને જ્યારે સડેછે ત્યારે આસપાસ ની હવામાં તેનુ ઝેર જેને આપણે 'કોલેરાનુ ઝેર' કહીએ છીએ તે મળીને ખરાબી કરેછે વળી મુએલાં ઢોરોને પણ જો એ પ્રમાણે ખુલ્લા પડી રહેવા દેવામાં આવેછે, કે બરાબર નિમક લાખી ઉંડા ડાટવામાં નથી આવતાં તો તે પણ સડીને ઝેરી દુરગંધી હવા પેદા કરેછે.

એ પ્રમાણે ઉપર દર્શાવેલાં કારણોથી 'કોલેરાના ઝેર' ની ઉતપત્તી થાયછે વળી ઉકરડા કે કચરાના મોટા ઢગલાઓ ઉપર વરસાદનુ પાણી પડવાથી તે કોહીને ઉપર મુજબે ઝેરી હવા ઉતપન્ન કરેછે.

૩જું હવે કોલેરાના ઝેરનો ફેલાવો કેમ થાયછે તે તપાસીએ ઉપર જણાવ્યા પ્રમાણે ગંદુ અને તેથી કરીને ઝેરી થયલું પાણી જેજે મનુષ્યના પીવામાં આવેછે તેતે મનુષ્યના સરીરમાં તેનુ ઝેર પ્રવેસ થાયછે. વળી પાણી સીવાયના બીજા જેજે કારણો ઉપર વર્ણવ્યાંછે તેમાં ઉતપન્ન થઇને બહાર પડતી ઝેરી હવા, જે આસપાસની હવાને મળીને ઝેરી બનાવેછે તે ઝેરી હવા મનુષ્યના દમમાં લેવાયાથી તે કૉલેરા

નું ઝેર મનુષ્યના શરીરમાં દાખલ થાયછે, કેટલાએક નું કહેવું એવુંછે કે કૉલેરાનું ઝેર કંઇજ નહી પણ એક જાતના અતિ બારીક ઝેરી જીવડાં છે જે પાણી મારફતે કે હવા મારફ તેમાણસના સરીર-માં દાખલ થાયછે.

એ ઉપરથી એવું સાબેત થાયછે કે 'કોલેરા' એ એક ઉડતો રોગછે વળી ગંદીલી ગીચોગીચ વસ્તીવાળી જગ્યામાં એ રોગ જલદીથી ફાટી નીકળેછે તથા જાનોની મોટી ખરાબી કરેછે.

દાખલા તરીકે આપણા સુરત શેહેરમાં સર વેને આ તો જાણીતુંછે કે શેહેરમાં જયારે પણ આ મરજ ઉઠેછે ત્યારે પ્રથમ તે ગોલવાડમાં ફાટી નિકળેછે કે જયાં આગળ ગોલાઓની ગીચ વસ્તીછે ને ખબુતરના ડરબાંઓની પેઠે ખીચોખીચ નાનાનાના ઘરોછે. વળી કોહેલા તરકારી કે ફળાદી, જેમા એ કોલેરાના ઝેરી જંતુઓ પેદા થાયછે, તે પણ ખાવામાં આવ્યાથી એ રોગ લાગુ પડેછે.

૪થું નબળા બાંધાવાળા મનુષ્યને એ રોગ જલદીથી લાગુ પડેછે. વળી બેઅંદાજ ખાનાર, તેમજ વાયડુ પાણી ખાનારને એ રોગ જલદીથી લાગુ પડેછે. નબળા કોઠાના

ળાને પણ એ રોગ જલદી થી લાગુ પડેછે તેમજ બીજા કોઈને એ મરજ લાગુ પડેલા હોયછે તે જોઈને તેનુ સગુ વહાલુ કોઈ દેહેસત ખાયછે તો તેને પણ એ રોગ જલદી લાગુ પડેછે, સબબ દેહેસત ખાધાથી તેના હાથ પગ ઠડા થઈ જઈને અસકત થઈ જાયછે, અને એકાદ બે ઝાડા આવી જાયછે તેમ થવાથી કૉલેરા તેના સરીરમાં સેહેલથી પ્રવેશ કરેછે, માટે એવે પ્રસંગે કાંઈપણ ડર રાખ્યા વિના જેમ બને તેમ તાકીદ પેલા દર્દીનો ઈલાજ કરવાને ફીકર રાખવી વળી કેટલાક લોકોને બદહજમીને સબબે એકાદ બે ઝાડા આવેછે તો પોતાને કૉલેરા લાગુ પડી ચુક્યો એવુ સમજીને દેહેસત ખાઈ જાયછે, તેથી હાથ પગ લુલાને ઠડા થઈ જાયછે જે હાલતમાં તેને કૉલેરા સેહેલથી લાગુ પડી જાયછે

૫ સું હવે એના ભોગ થઈ પડેલા દર્દીના ઉપર એની કેવી અસર થાયછે તેનુ બયાન કરીએ. પ્રથમ શરૂઆતમાં ઝાડે આવવો સરૂ થાયછે જે પાતળો હોયછે, અને તેનો રંગ સફેદ ચાવલના ધોનના પાણી જેવો હોયછે તથા ઓકારી પણ થાયછે, જે પ્રમાણે થોડા વખત ચાલુ રહેવાથી દર્દી સુસ્ત તથા નબળો પડી જાયછે, તથા હાથે પગે આંકડા આવેછે, ઝાડા વધુને વધુ પાટળો

થતો જાયછે, પેડુંમાં સખત દુખાવો થાયછે, ચેહેરો સુકાતો જાયછે, ગાલો બેસી જાયછે, ચેહેરાનો રંગ ફીકકો થઇ જાયછે, આંગળીઓ ચીમડાઈ જાયછે. દમ બરાબર ચાલતો નથી, દરેક ઝાડા સાથ પેસાબ આવેછે તે ધીરે ધીરે કમતી થતી જાયછે, જીવ ફરવા માંડેછે, અવાજ નાનો થઇ જાયછે, દવા, પાણી કે કાંઇ જે પાયું હોય તે ટકતું નથી ને પાછુ નીકળી જાયછે, ચેહેરાનો રંગ બદલાઇને કાળાસપર થાયછે, વખતે પેસાબ પણ બંધ થઇ જાયછે શરિર થંડુ થઈજાયછે શરીરમા તાણ થાયછે, આંખમાં ખાડા પડી જાયછે, જો વખતસર ઇલાજ થાયછે યાને જેવાં એક બે પેટ આવ્યાં, કે તેનો જો ઇલાજ કીધો હોયછે તો એ મરજ આગળ વધતો નથી પણ જો વખત નીકળી જાયછે, ને ઉપર લખ્યા પ્રમાણે ચાલુ રહેતો દર્દિ અતિસે નબળાઇ થવાને લીધે બેભાન થઇ પ્રાંણ છોડેછે કેટલીક વખતે દર્દિ છેલ્લી ઘડી સુધી ભાનમાં રહેછે, ને તેને જીવવાની આશા રહેછે જો સરૂઆતથી ચાંપતાં ઇલાજો લેવામાં આવેછે તો દર્દિ બચી જાયછે, ધીમે ધીમે ઓકારી નરમ પડતી જાયછે, ઝાડાનો રંગ બદલાયછે શરીરમાં ગ-

રમી આવતી જાયછે, આંકડાં બંધ પડેછે, સ્વાસ લે વાયછે, પેસાબ પાછો બરાબર આવવા માંડેછે, ચેહેરા નો રંગ સુધરવા માંડેછે, દર્દિને કરાર માલમ પડેછે, ને તેને જીવવાની નવી આશા આવેછે.

૬ઠું. હવે આ જગ્યાએ 'કોલેરા' મરજના પોતાએ કે ઇલાજો આપેલા ઉપયોગી ગઈ પડતી, એવું ધારી નીચે આપ્યાછે; જ્યારે એ રોગ સેહેરમાં ફેલાયલો હો તો નથી ત્યારે જો ઝાડા આવવો સરૂ થાયછે તે તે થી આપણે બીહીતા નથી ને ઘરગતું કાંઇ ઇલાજ કરીએ છીએ તોતે બંધ થાયછે, પણ જ્યારે એ રોગ ફેલાયલો હોયછે ત્યારેતો એનો તુરતા તુરત ઇલાજ થવો જોઇએ, તે એવીરીતે કે ધારા કરતાં ઝાડા વધારે આવવા માંડયા કે તુરતજ નિચલી દવા આપવી.

ઇલાજ ૧.—એક મીઠું પતાસું લઇને તેની વચમાં કાંણું પાડીને તેમાં આઠ દસ ટીપાં 'એસેન્સ ઓફ પીપરમીન્ટ'ના લાવીને તુરત ચવાડી દેવું, જેથી કરી પેટમાં દુખતુ નરમ પડશે અને ઝાડે પાણ બંધ થશે, અગર 'બ્રાન્ડી' દારૂ હોય અને દર્દિને ખપતો હોય તો એક લીકર ગ્લાસ ભરીને પાઇ દેવો તેથી ફાયદો થશે. અગર સોડાનો સગડો હોય તો તે પણ એક

ગ્લાસ પાઇદેવાથી ફાયદો થશે.

ઇલાજ ૨જો—જો ઉપલા ઇલાજોથી ફાયદો ન થાયતો 'કલોરો ડાઇન' નામની દવા હાજર હોય તો તેના ૧૦) દસ ટીપાં એક ગ્લાસ પાણીમાં નાખીને તે પાઇ દેવું ને જો ફરી જરૂર પડેતો તેજ પ્રમાણે પાછું આપવુ. એ દવા શીશીમાંથી કાઢતી વેલા શીશીને ખુબ હલાવીને કાઢવી એ દવા ૨) બે કલાકને અંતરે જરૂર પડે તો આપવી.

ઇલાજ ૩જો મરૂઆતનો ઝાડે બંધ કરવા ૧) એક આઉંસ પીપરમીન્ટ વાટર અથવાતો એક ચમચો કુંદનાના પાણીમાં લોડેનમ ટીપાં ૧૦) દસ નાંખી તુરતજ પાવું. અગર જો જરૂર પડે તો ૨) કલાક પછી ફરી એજ પ્રમાણે પાવું.

ઇલાજ ચોથો:—માહા વેર. કરતાં વધુ ઝાડો આવેતો નિચલી દવા આપવી. 'એરોમેટીક પાઉડર આફ ચોક' ગ્રેન ૧૦) દસ પાંણીમાં મેલવીને આપવો. અગર એ દવા પાયા પછી પણ ઝાડો ફરી આવેતો દર ૨) બે કલાકે એ દવા જારી રાખવી.

ઇલાજ પમો: અગર જો ઉપલી દવાઓ

હાજર ન હોય તો સરૂઆતનો ઝાડો બંધ કરવા નિચે જણાવેલી દવાઓની બારીક ભુકી કરીને એક શીશામાં ભરી રાખવી અને તેમાંથી ગ્રેન ૧૦) દસથી ૧૫ પંદર સુધી દર ૨) બે અથવા ૩) ત્રણ કલાકે આપવી.

તજ... ... ... ગ્રેન ૧૬) સોળ.
જાયફળ ... ... ગ્રેન ૧૨) બાર.
કેસર ... ... ગ્રેન ૧૨) બાર.
લવંગ ... ... ગ્રેન ૬) ૭.
એલચી દાણા............ગ્રેન ૬) ૭.
ધોયલો ચાક...... ગ્રેન ૪૪) ચુમાલીસ
શાકેર... ... ... દ્રામ ૨) બે.

ઇલાજ ૬ ઠો અગર ઉપલી દવા હાજર ન હોય તો સરૂઆતનો ઝાડો બંધ કરવાને નીચલી દવા આપવા. 'કોલેરા' લાગુ પડતો અટકસે.

અફીણ ... .ગ્રેન ૧) એક
કાલામરી .... ગ્રેન ૨) બે.
હીંગ ... ... ગ્રેન ૩) ત્રણ.

એ બધાંની એક ગોળી બનાવીને આપવી. જરૂર પડે તો ૨) બે કલાક પછી એજ પ્રમાણે ફરીને એક

ગોળી આપવી.

ઇલાજ ૭ મો

પ્રીપેર્ડ ચૉક.......... ડ્રામ ૨) બે.
ટીંક્ચર ઑફ ઓપીઅમ્.......ડ્રામ ૦॥
ટીંકચર ઑફ કેતેચુ...... આઉંસ ૧) એક
ઍસીડ ગેલીક ... ... ગ્રેન ૧૫) પંદર
સીને મન વૉટર .... આઉંસ ૬) છ.

એ સઘળાંને મેળવી દર ૦॥ કલાકે ૧) એક આ-ઉંસ આપવી. અગર જો ઝાડો વધતો જાય અને બીજી કોઇ દવા હાજર ન હોય તો નિચે લખેલી જણસોને ખાખરી કરી તેમને ૧) એક શેર પાણીમાં ઉકાળવી અને ઉકાળીને અરધુ રહે એટલે ઉતારી તેમાંથી અરધું આપવું અને અરધુ રહે તે ઢાંકી મેલવું, ને જરૂર પડે તો તે ફરી આપવું.

ઇલાજ ૮ મો.

સુંઠ................તોલો ૧) એક.
પીપરી મુળ............ તોલો ૦॥
કરકચુરો ... ...તોલો ૦॥
કોલમ ... ...તોલો ૦॥
કાળા આપવા સફેદ મરી ... તોલો ૦॥

६३४०

ઇલાજ ૯ મો અગર જો ઝાડા બંધ ન થાય ને વધતો જાયતો—'કેલોમેડાઇન' ના ૨૦) વીસ ટીપાં એક ગલાસ પાણીમાં નાખીને પાવું, અને એજ રીતે ૨) કલાક પછી બીજી વાર આપવું.

આટલું ધ્યાનમાં રાખવું કે કોઈ પણ દવા આપ્યા પછી દર્દિને ઉઘવા દેવો દવા કાઢતી વેળા શીશોને સારી પેઠે હલાવવો.

ઇલાજ ૧૦ મો અગર જો ઉપર બતાવેલા ઇલાજો કરવા છતાં ઝાડા બંધ ન પડે અને ઝાડા ઘણાં પાતળાં આવવા માંડે, નાડી નબળી પડી જાય, હાથ પગ ઠંડા થઇ જાય, અનેવખત આંકડાં આવે ત્યારે હેઠળ આપેલી દવા ના મીક્ષ્ચર-માંના એક મોટો ચમચો લઇને તેટલાજ અથવા જરા વધારે પાણીમાં ભેળીને પાવું. અને ઝાડા જારી રહે તો દર ૩) ત્રણ કલાકે એજ પ્રમાણે આપવું જારી રાખવું.

સ્પીરીત ઑફ હાર્ટસ હોર્ન...ટીપાં ૪૦)
એસેન્સ ઑફ પીપર મીન્ટ...ટીપાં ૨૦
લૉડેનમ ... ... ટીપા ૬૦)
ફ્રેન્ચ બ્રાંન્ડી ... ... આઉંશ ૩)

જેને બ્રાંન્ડી ન ખપે તેને ઉપલાં મીક્ષ્ચર

માં ૩) ત્રણ આઉંસ મરચાંનીચાહ નાખવી. એ મીક્ષચર જેનું નાંમ 'કોલેરા મીક્ષ્ચર' છે તે જ્યારે શેહેરમાં 'કોલેરાનો' મરજ ફેલાયલો હો-ય ત્યારે ઉપર લખ્યા પ્રમાણે તૈયાર કરીને એક કા-ચના બુચવાળી બાટલીમાં ભરી રાખવું કે ખપ વેળા અટ લઈને કાંમ આવે. એ મીક્ષચર અતિ ઉપયોગી હોવાને લીધે 'વૈદકજ્ઞાન' ગ્રંથનાથી એની બનાવટ એ ને દાખલ કરીછે. કૉલેરા લાગુ પડ્યા પછી કેટલીક વેળા નિચલો ઈલાજ લાગુ પડેછે.

ઈલાજ ૧૧મો નાની ચમચી ૦ાા 'પેઈન્ કીલર' લઈને તેને નવટાંક ગરમ પાણીમાં મેળવવું અને તેમાં એક પૈસાભાર ખાંડ નાખવી, અને તેમાંથી ૦ાા ભાગ પાવો ;અને બાકીનો અરધો ભાગ ઢાંકી રાખવો અગરજો પેહેલા આપેલા ફાયદો ન થાય તો બાકીનો ભાગ ૧) એક કલાક પછી પાઈદેવો.

૭મુ. એ મરજમાં ઓકારી થાયછે તેનો ઈલાજ—પેટ ઉપર રાઈ મુકવી, બરફ નાનાના કડકા મોંહામાં ચુસવાને આપવા સોડાર્વોટર એક આનાના બે પાઈન ગ-લાસ ભરીને દર કલાકે આપતો. જો ઉલટી સાથે ન બળાઈ ઘણી થયેલી લાગેતો દર કલાકે ૧) એક ઘુ.

ઇન ગલાસ સારો 'શેમપેઇન' જેને ખપતો હોય તેને આપવો, જો ઉલટી અને ઘણી ચાલુ રહેતો ક્લૉરલહાઇડ્રેટ ગ્રેન ૫) લઇને એક ચમચી ઠંડા પાણીમાં ડાહોળીને પાવુ

૮મું. એ મરજમાં પાણીના તરસ ઘણી લાગેછે, તે માટે દર્દિને બરફના નાના કડકા મોહોંમાં ચુસવા આપવા. અથવા 'સેચ્યુરેટેડ સોલ્યુશન ઓફ લાઇમ' ૧) એક ચમચો, અને ૧) આંઉશ ઠંડા સોડાવોટર ભેળીને પાવુ. આવી બીમારીમાં દર્દિને તરસ ઘણી લાગેછે, અને દર પળે દર્દિ પાણી પાવા માગે છે, ઘણીક વેળા એવું બનેછેકે અજ્ઞાન લોકો પાણી પીવાને આપતા નથી ને બાપડા દર્દિ પાણી વગર ટળવળીને મરી પણ જાયછે, માટે એમ કરવું ઘણુ ઘાતકી કામછે દર્દિને ઠંડુ પાણી થોડુ થોડુ પીવા આપવામા કઇ હરકત નથી, બરફ મળેતો તે નાહે લાખીને આપવું.

૯મુ. કૉલેરાના મરજ વાલાના હાથ, પગ, ઠંડા પડી જાય ત્યારે નિચે પ્રમાણે ઇલાજ કરવા.

ગરમ નળીઆંથી, બાટલીમાં ગરમ પાંણી ભરીને ડાટો દઇને તેથી અથવા ગરમ નીમક કે રેતીથી તે-

ને શેકવા, અને ગરમ બરનુસ કે કામળી દર્દિને ઓ ઢાડી રાખવી. પગના ટેરાં ઉપર રાઈ મુકવી.

૧૦મુ. કૉલેરાના દર્દિને હાથે પગે આંકડાં આવે તેના ઉ પાયો નીચે પ્રમાણે કરવા.

સુંઠનો ભુકોકે કંટોળ હાથ પગ ઉપર ધીરે ધીરે મસળવા વળી 'પેઈનકીલર' નામની દવા હાથ પ- ગ ઉપર ધીરે ધીરે મસળવી. અથવા જો આંકડા સ સખત આવતાં હોયતો 'ટીંક્ચર ઓફ બેલેડો ના' અને 'ટીંક્ચર ઓફ ઓપીઅમ' એ બંન્નેને ભેળીને લગાડવું.

હવા સુધારવાને માટે દર્દિના બીછાના આગળ ગં ધક, કપુર, અગર, સુખડ, લોબાન વગેરે બાળવું. વ ળી ઘરમાં સર્વ ઠેકાણે એજ પ્રમાણે કરવાથી ઘણોજ ફાયદો થાયછે.

૧૧મુ. આ રોગમાં કેટલીક વખતે દર્દિનો ઝાડો પાછળ થી એકદમ બંધ થઈને દર્દિનું પેટ ફુલી આવેછે તે નો ઇલાજ—'એલુપોઝ' ગ્રેઇન ૩) ત્રણ અને કપુર ગ્રેઇન ૧) એક મેળવીને તેના ગોળી ગળાવવી અને કલાક ૩) ત્રણ સુધીમાં ઝાડો ન આવેતો ફરીને એ એજ પ્રમાણે આપવી.

૧૨મુ. કૉલેરાના દર્દિનો કેટલીક વખત પેસાબ બંધ થ ઈ જાયછે તેના ઇલાજો— કેસુરીના ફુલ ઘાંઘીની દુકાન ઉપેરથી ૨) પઇસાના મંગાવીને તેને એક મોટી તપેલીમાં પાણી લાખીને તેની જોડે ખુબ ઉકાલવાં પછી તે ઉકળેલું પાણી એક કીતલીકે મોટા લોટામાં લાખીને સેહેવાતુ સહેવાતુ પેલા દર્દિના પેંઢુ ઉપરથી ધાર પાડયા કરવુ. જ્યાં સુધી સઘળુ પાણી પુરૂ થાય ત્યાં સુધી. પછી બાકી રહેલા ફુલના કુંચાને ગરમ ગરમ પેંઢુ ઉપર બાંધી દેવા જેમ કરવાથી પેસાબ છુટસે.

ઇલાજ ૨જો. પેંઢુ ઉપર ફલે નેલના ગરમ કપડાનો શેક કરવો અથવાં ૦ાથી ૦ાા કલાક સુધી દર્દિને સેહેવાય એવા ગરમ પાણીમાં બેસાડવો, જેમ કરવાથી પણ પેસાબ છુટસે.

ઇલાજ ૩જો સોહાગો અથવા બરાસ કપુર અથવા ચીનચો કપુર વાટી બારીક કરીને મરદ અથવા ઓરત જેની પેસાબ બંધ થઇ હોય તેના પેસાબના છેદમાં મુકવાથી પણ પેસાબ તુરત છુટેછે.

ઇલાજ ૪થો. અળસીની ચાહ ૦ાાથા એક કપ સુધી પાવાથી પણ ફાયદા થસે.

ઇલાજ પમો. અગર જો ઉપલા કોઇપણ ઇલાજથી પે. સાબ ન છુટે તો ડૉકટર પાસે સરી મુકાવી પેસાબ કઢાવવો

૧૩) મું સહુ આંતમાં બદ હજમીના જેવાં ઝાડા આવતા હોય તે વેળા કાંજી. સેરવો, બીસકીટ, પાંઉ, મમરા એવો હલકો ખોરાક આપવો, પણ બીજો કોઇપણ ભારી ખોરાક જેવાકે માંસ દાળ ભાત. ખીચડી પટેટા) વાળવટાણા ચાણાની દાળ વગેરે આપવુ નહી.

૧૪ મું કૉલેરા લાગુ પડી ચુકયા પછી સાબુ ચોખાની કાંજી દર્દિને આપવી અને જો નાડી ન ગળી પડેતો અથવા શરીર ઠંડું થવા માંડે તો કાંજી દર ત્રણ ચાર કલાકે આપવી તેનાં દર વેળા (જેને ખપે તેને એકથી બે ગલાસ ભરીને પોર્ટવાઇન અથવા 'શેરીવાઇન' નાખીને ને કાંજી દર્દિને પીવાને આપવી, અથવા ૧; મોટો ચમચો ભરીને 'બ્રાંન્ડી' માંહે નાખીને આપવી.

જો એ પ્રમાણે આપવાથી શરીરમાં ગરમી પાછી આવે તો કાંજીમાં વાઇનકે બ્રાંન્ડી નાખવો નહીં; તે નાખ્યા વગર આપવી. અને જેટલા દીવસ સુધી આજારી બીલકુલ સાજો ન થાય તેટલા દીવસમાં કાંજી, દુ

દુધ સેરવો એવો નરમ ખોરક આજારીને આપ્યાં કરવો.

૧૫ મું આ ઠેકાંણે હમારે જણાવવું જોઇએ કે ઉપર જે જે ઇલાજો બતાવ્યાછે, તે દાકતરની ઘર હાજરીમાં કરવાનાછે, સબબ કેટલીક વખતે એવું બનેછે કે 'કોલેરા' (અધોક) મનુષ્યને રાતની વેળા ખાઇ પીને સુતા પછી મધરાતે લાગુ પડેછે. પહેલાં દરદિ એ કાએક ઉંઘમાંથી જાગી ઉઠેછે ને તેને ઝાડા આવવો શરૂ થાયછે, એવે વખતે જો આપણા ઘરમાં ઉપર જણાવ્યા મુજબની દવાઓ હાજર હોયછે તો તે શરૂઆતનો આવતો ઝાડો એકદમ અટકાવવામાં અતિ ઉપયોગી થઇ પડેછે. ને દાકટર આવી પોંચે તેની આગળતો દર્દિને કેટલોક આરામ થાયછે અગર જો ઉપર જણાવ્યા પ્રમાણેની દવાઓ ઘરમાં હોતી નથી તો પેલા દર્દિને વધુને વધુ ઝાડા આવ્યાને સબબે દાકટરની મદદ મળે તેની આગળ તો બીચારો દર્દિ મરણ પામેછે. અગર જીવતો રહેછેતો મરજ બહુજ જલદી આગળ વધી જાયછે, જેથી દાકટરને પણ તેને સાજો કરવાનુ મુશ્કેલ થઇ પડેછે વળી ઘણીક વેળાએ મરજ મુસાફરી કરતાં મા

ણુસોને લાગુ પડેછે, અને જો એવી વખતે કાંઇપણ દવા સાથે હોતી નથી તો બાપડાં રસ્તેજ મરી જાય છે વળી કેટલીક વેળા કોનટ્રેકટરો મામદારો કે કોઈ સરકારી નોકરી વાળાઓને જંગલમાં છેક વસ્તીથી દુર જઇને રહેવુ પડેછે, એવી વખતે જો તેઓ સાથે ઉપર લખો જણાવેલી દવાઓમાંની કાંઇપણ હોતી નથી તો જ્યારે એ રોગ તેમના ઉપર હુમલો કરેછે, ત્યારે તેઓથી એ રોગ સામે પોતાનુ રક્ષણ કરી શકાતુ નથી, જેથી બચારા પોતાના કીમતી પ્રાણો ખુવેછે ઘણાક અજાણ લોકોમાં એવો રીવાજ હોયછે કે જો કોઈ પોતના સગપણમાનુ એ રોગનો ભોગ થઇ પડેછે તો તેનો કસો ઇલાજ કરવામાં આવતો નથી ને ફક્ત બાધા, કે માનતા, ઉપર એકીન લાવીને બેસી રહેછે. કેટલીક વખતે તો પેલા દર્દિને ત્યાંજ પડતો મેલીને પોતાનુ ઝુંપડું તજી દઇને બીજે ગામ જઇને વસેછે.

બનતાં સુધી દાકટર આવી પોચે ત્યાં સુધી ઉપર જણાવેલી દવાઓ દર્દિને આપવી જારી રાખવી. અને એવી રીતે કરવાથી ઘણાક વેલા માણસોના જાન બચ્યાંછે જે જે માણસોને હમે કોનટ્રેકટના કામો ઉપર એ

મરજમાં દવા આપીછે, તે લગભગ સઘળા જણાં દવા તુરતા તુરત મળી જવાને લીધે બચી ગયાછે, અને જેવોએ દવા લેવાનો ના પાડીછે, તેવા વેહેમ માંને વેહેમમાં મરણ પામ્યાછે.

૧૬ મું એ કોલેરાનો દુષ્ટ મરજ શેહેરનાં ફરી ન નિકળે, માટે આગળથી સાહુચેતીના સું સું ઈલાજો લેવાં તથા એ રોગ ફરી નિકળે, તે વેળા તેનો ફેલાવો અટકાવવા માટે કેવા કેવા ઇલાજો લેવા તે હેઠળ જણાવીએ છીએ.

૧ લું શેહેરમાં કે શેહેરની નજદીકમાં કોઇ એવી જગ્યા હોય કે જ્યાં આગળ પાંણીના ખાબોચ્યાં નિરંતર ભરાઇ રહેતાં હોય, અને તેમાં કોહોવાણ થતું હોય તો તેને દુર કરવું. અને ફરીને તે જગ્યાએ તેમ ન થાય તેવા ઇલાજ લેવા

૨ જું શેહેરમાં તમામ રસ્તાઓ ગલીકુંચીઓ તથા ઉકરડાઓ સ્વચ્છ રાખવા

૩ જું વરસાદના દીવસોમાં સડકો ઉપર તેમજ સેહેરમાં તમામ મોહોલાઓમાં કાદવ જમા થવા પામે નહી તેના ઇલાજ લેવો.

૪ થું શેહેરના જેજે ભાગો નીચા હોય અને ત્યાં આગ

ળ કાદવ કચરા વાળું ગંદુ પાણી જમા થઇ રહેતુ હોય તે તેને જલદીથી દૂર કરવાનો ઇલાજ કરવો અ નેફરી તેનું ન થાય તેનો પાકો બંદોબસ્ત કરવો.

૫મુ શેહેરમાં કે શેહેરની નજદીકમાં ડટાતાં મુરદાંઓ યોગ્ય ઉંડાઇએ, ડટાવાં જોઇએ, બલકે જેમ બને તેમ શેહેરની વસ્તીથી દુર ડટાવાં જોઇએ. મુવેલાં ઢોરો ખુલ્લાં પડી રહીને સડીઆ ન કરે તેવો બંદોબસ્ત રાખવો.

૬ ઠું ઘરના ખાળ્કુઓ, કે મોરીઓ સાફ રહેવાં જોઇએ, તથા તે ઉપર ' કારબોલીકપાઉડર ' છંટાવવો જોઇએ

૭મુ શેહેરમાં ખાળકુવા કરવા ન દેવા.

૮મુ ઘણી ગીચોગીચ વસ્તીવાળા શેહેરના ભાગોમાં હમેશાં ગલીચી વધારે થાયછે, અને સુરજનો તડકો પોંચતો નથી તેથી ઝેરી હવા ત્યાં આગળ નિરંતર પસરેલી રહેછે, માટે એવી વસ્તીવાળા ભાગોમાં ગલીચો ન થાય અને હવા સુધરે એવા ઇલાજો લેવા.

૯મુ. દરેક ઘરમાં વસનારાઓએ પોતાનુ ઘર તથા આંગણુ સ્વચ્છ રાખવાં. ઘરમાં ભોય તળયાંમાં, કે દરેક ઓતરા ચોકડીઓ, વગરે ઠેકાણે ચુનો છંટાવવો તથા

ઘરમાં આતસ ઉપર ગંધક, કપુર, અગર, લોબાન સુખડ વગેરે બાલવું જ્યારે શહેરમાં એ રોગ ફેલાયલો હોય ત્યારે ઘરના દરેક ભાગોમાં સઘડીઓમાં દેવતા (આતસ) રાખીને તે ઉપર ઉપલી વસ્તુઓ બાળવી ઘરના દરવાજાઓ તા. બારીઓને આંબાના તોરણ કરીને બાંધવાં.

૧૦મુ. એ 'કોલેરા' (અર્ધાંગ)નો મરજ જો શેહેરમાં જોરમાં ફાટી નિકળ્યો હોય તો તે વેળા દરેક મોહોલ્લે મોહેલ્લે જેમ હોળીના દિવસોમાં કરવામાં આવેછે તેમ મોટાં બળતાં કરવાથી, તેમજ દરેક ઘરમાં પણ સઘડીઓ ઉપર બળતાં કરવાથી કહેછે કે કોલેરાની ઝેરી હવાનો નાશ થાયછે, બળતાં ઉપર ગંધક કે કપુર વગેરે નાખવાથી ઘણો ફાયદો થાયછ

૧૧મુ. શેહેરમાં વપરાતાં પીવાના પાણીની ઘણી સંભાલ લેવી કોઇપણ કારણથી તે ગંદા થવા ન જોઇએ.

૧૨મુ. પીવાના પાણીને હમેશાં જાડાં કપડાંથી ગાળીને પીવામાં લેવું. અગર જો પાણી તળાવ કે નદીનુ હોય તો તેને પ્રથમ એક માટલામાં નાખીને ઠરવા દેવુ, ઠરી રહેકે તેને ઉપર મુજબ બીજા સ્વચ્છ માટલાંમાં ગાળી લેવું. અગર જો પાણીને ગરમ કરીને ગાળ્યાં

લઈને ઠંડુ કરીને પીવામાં લીધુ હેયતો ઘણુંજ સારૂ
૧૩મુ. જ્યાં આગળ તળાવોનુ પાણી વપરાતુ હોય ત્યાં આગળ માણસોને ફક્ત પીવાને માટેના તળાવો જુદા, તથા નાહાવા ધોવા કે ઢોરાને પાણી પાવાના જુદા રખાવા જોઈએ એ બાબતનો સરકારે પકકો બંદોબસ્ત રાખવો જોઇએ અગર જો સેહેરમાં નદીનુ પાણી પીવામાં આવતુ હોયતો, લોકોને પાણી પીવા તા. ભરવા માટેની જગ્યમાં કોઈ નાહે નહી, કપડાં ધુવે નહી, તેમજ ઢોરોને પાણી પાય નહીં, એટલે પાણી ભરવાની જગ્યા જુદી, તથા નાહવા ધોવાની, તથા ઢોરોને પાણી પાવાની જગ્યાઓ જુદી સરકારે અગર મ્યુનીસીપાલીટીએ નેમી આપવા જોઇએ; અને એ પ્રમાણે લોકો ચાલે છે કે નહીં તેની તપાસ રાખવી. ઉપર સુચવેલા ઈલાજો લેવા માટે સુ રૈયત, મ્યુનીસીપાલીટી, કે સરકારને માથે સરખી ફરજછે. ત્રણેના એક મત વગર એ કાંમ બનવુ મુશ્કેલછે.
૧૭મુ. એ રોગ ફેલાયલો હોય તે વખતે ખાવા પીવામાં અંદાજો રાખવો, વાયડુ પાતલુ ખાવુ નહીં, જલદીથી પાચન ન થાય એવો ખોરાક ન લેવો મોંહોવામાં આવેલાં કે એવાં બીજા હર્દે ઢોરોનુ દુધ પીવામાં

બીસકુટ લેવુ નહી. વાસીમાંસ, માછલી, દાળભાત, તર તરકારી ખાવી નહીં રાતરે દાળભાત ઝાઝા ખાવા,નહી બનતાં સુધી દીવસે દાળભાત ખાવાં, કે ફરતાં હરતાં તે હજમ થઇજાય, ખાટી વસ્તુ ખાવી નહીં, સબબ તેથી છાતી ઉપર પીત બંધાઇને તે ખાધેલું પચવા દેતુ નથી ને આખરે મોઢાંને રસ્તે કે પેટને રસ્તે બહાર પડેછે, એટલે બદહજમો પેદા કરીને પેટ, મોં દો. દોડવી લાગેછે રાતરે ખાનુ ખાધા પછી તુરત ઉંઘી ન જવુ, જેમ કરવાથી ખાધેલુ હજમ થતુ નથી, ને ઘણીક વેળા બદહજમનો ઝાડો આવવા માંડેછે જેનુ પરીણામ આખરે કોલેરા (અધીસ) લાગુ પડ વામાં આવેછે; માટે ખાઇને રાત્રે તુરતજ ઉંઘી જવા ની ટેવ ઘણીજ નુકશાન કારકછે. રાતરે ભોજન લીધા પછી ઓછામાં ઓછું, એક કલાક સુધી,ઘર માં આમ તેમ પસાર કરીઆ કરવા, અથવાનો કાંઈ રમત ગમત કરવી, કે ખાધેલુ પાચન થાય. રાતરે ભો જન લીધા પછો થોડીકવારે જો એક કપ (પ્યાલુ) કોફી કે ચાહ નુપીવુ,હોયતો તેથી પાચ શક્તિ વધેછે, છાતીપર પીતક બળગમ બંધાતો નથી.

૧૮મુ. ઉમરના પ્રમાણમાં દવા આપવાની સમજ.

મેરચાંનો ચાહનો ઇનારટ.

અરધો આંઉસ સુકાં મરચાંને એક વાસણમાં લા બીને તે ઉપર દસ આંઉસ ખળખળતું પાણી રેડાને એક-

સાફ રેહેવા દેવું પછી તેમાંથી ત્રણ આંઉંસ પાણી ગાળીને લઇ લેવું.

ઉમર દવા લેનારની	મોટા ઉમરનો માણસ લે તેનો કેટલામો ભાગ તે લઇશકે
૬ માસ	૧૫મો ભાગ
૧ વરસ	૧૨મો "
૨ "	૮મો "
૩ "	૬ઠો "
૪ "	૫મો "
૫ "	૪થો "
૭ "	૩જો "
૧૪ "	૦॥ "
૨૦ "	૨/૩ "
૨૧થી૪૦"	આખો ભાગ
૬૦થી૭૦"	૦।।। "
૮૦થી૯૦"	૨/૩ "
૧૦૦ "	૦॥ "

૧ ચમચી= ૧ ડ્રામ	૧ લીકર ગ્લાસ=૧ આંઉંસ
૧ ચમચો= ૨ "	૧ વાઇન " =૨ "
૧ મોટોચમચો ૪ "	૧ તોલો =૩ડ્રામ
	૨॥તોલા =૧ આંઉંસ
	૧ઘંઉંભાર =૧ ગ્રેન

સમાપ્ત.